# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

# પરિપત્ર

વિષય : ગ્રાન્ટ રીવેલીડ કરવા બાબત.

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી આઈ.સી.એ.આર. (૧૦૦%)ની યોજનાઓ તથા અધર એજન્સી યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે સને ૨૦૧૩–૧૪ ના વર્ષ દરમ્યાન સદરહુ યોજનાઓના બજેટ સદરમાં બચત રહેતી ગ્રાન્ટ સને ૨૦૧૪–૧૫ માં રીવેલીડ (પુનઃ જીવીત) કરવા માટે જે તે કચેરી તરફથી સીધી દરખાસ્ત આ કચેરીને રજુ કરવામાં આવે છે, જે યોગ્ય નથી. આ યોજનાઓ સંશોધન નિયામકશ્રીના સીધા નિયંત્રણ હેઠળ ચાલતી હોવાથી ગ્રાન્ટ રીવેલીડ કરતા પહેલાં સંશોધન નિયામકશ્રીની ભલામણની જરૂરીયાત રહેતી હોય, ગ્રાન્ટ રીવેલીડ (પુનઃજીવીત) કરવા માટેની દરખાસ્તો થયેલ ખર્ચ અને કામગીરીના રીપોર્ટ તથા એ.યુ.સી. સાથે સંશોધન નિયામકશ્રીની કચેરીને રજૂ કરી તેમની ભલામણ મેળવી અત્રે રજુ કરવા જણાવવામાં આવે છે. આ પ્રમાણેની આવેલી દરખાસ્તોની જ ગ્રાન્ટ રીવેલીડ કરી આપવામાં આવશે. જયારે સીધેસીધી રજુ થયેલ દરખાસ્તો અત્રેની કચેરીએ ફાઈલ કરવામાં આવશે જેની સૌએ નોંધ લેવા વિનંતી છે તેમજ હવે પછી વર્ષો વર્ષ ઉપરમુજબ અમલ કરવા સૌને વિનંતી છે.

સદરહુ પરિપત્ર આ કચેરીની ફાઈલ ઉપર સંશોધન નિયામકશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

હિસાબ અધિકારી–વ–હિસાબ નિયામક

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/ બજેટ ૧–૨/ ૪૮૫૩ / ૨૦૧૪
નવસારી તા. ૨૦/૦૬/૨૦૧૪

નકલ સવિનય રવાના :

૧. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ અમલ થવા સારૂ.